**જાહેર અગત્યની બાબત પર માન.મંત્રીશ્રી(કૃષિ)નું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળનું નિવેદન**

---

**તા.૨૩/૦૮/૨૦૨૪**

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્યમાં જુલાઈ ૨૦૨૪ માસમાં રાજ્યના કેટલાક જીલ્લાઓમાં ભારે વરસાદના કારણે ખેતી તેમજ બાગાયતી પાકોમાં પાક નુકશાનીના અહેવાલો મળેલ છે. જે પરત્વે ઉપસ્થિત થયેલ જાહેર અગત્યની બાબતે હું આ સન્માનીય ગૃહ સમક્ષ અગત્યનું નિવેદન કરવા માંગુ છું.

**માન. અધ્યક્ષશ્રી,**

તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડીયામાં કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદથી ખેતી તેમજ બાગાયતી પાકો અસરગ્રસ્ત થવાથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતી સંદર્ભે જાહેરાત કરતા હું હર્ષની લાગણી અનુભવુ છું કે અમારી સરકારના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા તાત્કાલિક નિર્ણય લેતાં પ્રસ્તુત બાબતે પાક નુકસાની સહાય માટે ખુબજ અગત્યની મંજુરી આપવામાં આવેલ છે. તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છુ. સરકાર હંમેશા ખેડૂતોના પડખે રહી તે બાબત આ નિર્ણયથી પ્રસ્તાપિત થાય છે.

તાજેતરમાં જુલાઇ–૨૦૨૪ માસના બીજા પખવાડીયામાં તા.૧૮/૦૭/૨૦૨૪ થી તા.૨૪/૦૭/૨૦૨૪ દરમિયાન જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને રાજકોટ જિલ્લાના કુલ ૧૬ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ હતો. આ ઉપરાંત આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં આ સમયગાળા દરમ્યાન ભારે વરસાદ નોંધાયેલ હતો.

જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી એમ કુલ નવ (૯) જિલ્લાઓના ૪૫ તાલુકાઓમાં સતત એકધાર્યો વરસાદ નોંધાયેલ છે.

**ભારે વરસાદ અન્વયે ખેતી અને બાગાયતી પાકોને થયેલ અસર જોઇએ તો :**

જુલાઈ માસ દરમિયાન મોટા ભાગના પાકો સ્ફુરણ/ઉગાવા/વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થાએ હતા. શરૂઆતના તબક્કામાં ખેડૂતો દ્વારા બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચ કરવામાં આવતા હોય છે. ખરીફ ઋતુની શરૂઆતમાં ભારે વરસાદને કારણે પાક નુકસાન જોવા મળેલ છે. આવા કિસ્સામાં જો વાવેતર નિષ્ફળ જાય તો બીજા પાક લેવાની ખેડૂતો જોડે શક્યતા રહેલી હોય છે. તેથી આ તબક્કાના પાક નુકસાનમાં ખેડૂતોને બિયારણ ખર્ચ, રાસાયણિક ખાતર ખર્ચ, વાવણી ખર્ચ જેવા ઇનપુટ ખર્ચનું નુકસાન થતું હોય છે.

ઉપરાંત, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઇ ૨૦૨૪ ના રોજ વંટોળ સાથે થયેલ વરસાદને કારણે બાગાયતી પાકો જેવા કે ચીકુ અને આંબાના ઝાડ પડી જવા/ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો મળેલ છે.

આમ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી એમ રાજ્યના નવ જિલ્લાઓમાં થયેલ કુલ વાવેતર પૈકી અંદાજીત ચાર લાખ છ હજાર આઠસો બાણું હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયેલ હતો. અસરગ્રસ્ત  વિસ્તારમાં કુલ ૨૭૨ ટીમોની રચના કરી કુલ ૪૫ તાલુકાઓમાં વિગતવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

સરકારશ્રીને મળેલ વિવિધ રજૂઆત પરત્વે પાક નુકસાન બાબતે સહાય માટે કુદરતી આપત્તિને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ તેમજ તા.૧૦/૧૦/૨૦૨૩ ના ઠરાવ મુજબ સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોંસ ફંડ (SDRF)ના ધારાધોરણો ઉપરાંત ઉક્ત અસરગ્રસ્ત વિસ્તારોમાં પાક નુકસાનીની તીવ્રતા અને વ્યાપ ધ્યાને લઈ રાજ્ય બજેટ સદર હેઠળ પણ વધારાની સહાય ચુકવવા બાબતે નિર્ણય લેવામાં આવેલ છે. જે મુજબ હાલની સ્થિતિએ કુલ અંદાજીત ચાર લાખ છ હજાર આઠસો બાણું હેક્ટર અસરગ્રસ્ત વિસ્તારમાં  ખેડૂતોને નિયમોનુસારની જોગવાઈ મુજબ સહાય માટેના ધોરણો નિયત કરવામાં આવેલ છે. જેમાં,

૧) ખરીફ ૨૦૨૪–૨૫ ઋતુના વાવેતર કરેલ બિનપિયત ખેતી પાકોમાં ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ રૂ.૮,૫૦૦/– ની સહાય તેમજ રૂ.૨,૫૦૦/– રાજ્ય બજેટ હેઠળ એમ કુલ રૂ.૧૧,૦૦૦/– પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

૨) વર્ષાયુ/પિયત પાકોના ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ મળવાપાત્ર રૂ.૧૭,૦૦૦/– ની સહાય તેમજ રૂ.૫૦૦૦/– રાજ્ય બજેટ હેઠળ એમ કુલ રૂ.૨૨,૦૦૦/– પ્રતિ હે.કટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ મળવાપાત્ર રૂ.૨૨,૫૦૦/–ની સહાય પ્રતિ હેકટર લેખે ખાતા દીઠ મહત્તમ બે હેકટરની મર્યાદામાં સહાય.

આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં આંબા અને ચીકુ જેવા ફળપાકો લાંબાગાળાના પાક હોઇ તેમજ ઝાડ પડી જવાના કારણે ખેડૂતને ભવિષ્યમાં ઉત્પાદન મળે નહીં. જેથી ઘણું આર્થિક નુક્શાન જાય તેમ હોઇ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા માટે નીચે મુજબની સહાયની જોગવાઇ કરવામાં આવેલ છે.

**૪)** વર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુક્સાન માટે SDRF ના નોર્મ્સ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૧૭,૦૦૦/– ની સહાય ઉપરાંત રાજય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂ.૫,૦૦૦/– ગણતરીમાં લઈ કુલ રૂ.૨૨,૦૦૦/– પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**૫)** બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૧૦% કે તેથી વધુ પરંતુ ૩૩% થી ઓછા ઝાડ ઉખડી જવાના/પડી જઇ /ભાંગી જઇ નાશ પામેલ હોય તે અન્વયે ખાસ કીસ્સામાં

રાજય ભંડોળમાંથી સહાય રૂ.૨૫,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**ક)** બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ ઝાડ ઉખડી જવાના/પડી જઇ/ભાંગી જઇ નાશ પામેલ હોય તે કીસ્સામાં SDRF ના નોર્મ્સ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૨૨,૫૦૦/- ની સહાય ઉપરાંત ખાસ કીસ્સામાં રાજય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂ.૧,૦૨,૫૦૦/- ગણતરીમાં લઈ કુલ રૂ.૧,૨૫,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવાની ચૂકવવા પાત્ર રકમ રૂ. ૩૫૦૦/- કરતાં ઓછી થતી હોઇ તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ.૩૫૦૦/- ચૂકવવાના થાય જેમાં રૂ.૧૦૦૦/- SDRF માંથી તેમજ તફાવતની રકમ રૂ.૨૫૦૦/- રાજય બજેટમાંથી ચૂકવવાની રહે.

આમ, ઉક્ત સ્થિતિએ અસરગ્રસ્ત ખેડૂતોના જાહેર હિતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ અસરગ્રસ્ત વિસ્તાર માટે અંદાજીત કુલ રૂ. ૩૫૦/- કરોડની માતબર રકમ પાક નુકસાની પેટે સહાય જાહેર કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

હું ફરીથી આ રાજ્યના ખેડૂતો વતી માનનીય મુખ્યમંત્રીશ્રીનો તેમજ નાણા મંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું, કે તેમણે જગતના તાત માટે ઉદાર હાથે રાજ્યની તિજોરી ખુલ્લી રાખી છે. આ સહાયથી ખેડૂતોને પાક નુકશાનીમાં ચોક્કસ રાહત મળશે.

સૌનો આભાર....